# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો. નં. ૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ. ગુ.) ૩૮૪૨૬૫

ફોન નં. (૦૨૭૬૬ ) ૨૩૭૦૦૦ ફેકસ નં. (૦૨૭૬૬) ૨૩૧૯૧૭


નં. પરી / ઓનલાઈન / ૧ / ૨૦૨૩

તા. ૨૫ / ૦૧ / ૨૦૨૩

પ્રતિ,

તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓ, કો–ઓર્ડીનેટરશ્રીઓ

તમામ સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા વિદ્યાર્થી મિત્રો

હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,

પાટણ

**વિષય :– વિદ્યાર્થીલક્ષી સેવાઓ ઓનલાઈન કરવા બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે આપ સર્વેને જણાવવાનું કે, માન. કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીની તમામ વિદ્યાર્થીલક્ષી સેવાઓ ઓનલાઈન શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે પ્રથમ તબકકામાં નીચે મુજબની વિદ્યાર્થીઓને સ્પર્શતી સેવાઓ ઓનલાઈન શરૂ કરવામાં આવેલ છે.

૧. માર્કશીટમાં નામ ભુલ સુધારણા
૨. ડુપ્લીકેટ માર્કશીટ
૩. માર્કશીટ વેરીફિકેશન
૪. ડીગ્રી સર્ટીફિકેટ વેરીફિકેશન
૫. ટ્રાન્સક્રિપ્ટ

ઉપર જણાવેલ ક્રમ નં. ૧ થી ૫ની સેવાઓ માટે વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણે પ્રક્રિયા કરવાની રહેશે.

અ. યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ઉપર જવું
બ. Student Corner ઉપર કલીક કરવું.
ક. Online Certificate for Students ઉપર કલીક કરવું.
ડ. ઉપર જણાવેલ ક્રમ ૧ થી ૫ મુજબના વિકલ્પ દેખાશે.
ઈ. વિદ્યાર્થીએ પોતાની જરૂરીયાત પ્રમાણેનો વિકલ્પ પસંદ કરી ફોર્મ ભરવાનું રહેશે અને ફી પણ ઓનલાઈન ભરવાની રહેશે.

ઓનલાઈન ફોર્મ ભરતાં પહેલાં લાગુ પડતી સેવા માટે નીચેના ડોકયુમેન્ટની સોફટ કોપી PDF ફોર્મેટમાં સ્પષ્ટ દેખાય તેવી સ્કેન કરીને તૈયાર રાખવાની રહેશે.

૧. માર્કશીટમાં નામભુલ સુધારણા :– વિદ્યાર્થીની પોતાની ભુલવાળી માર્કશીટ
ધોરણ–૧૨ની સાચા નામવાળી માર્કશીટ
ગેઝેટમાં નામ સુધારો કરાવેલ હોય તો ગેઝેટની સ્કેન કોપી

૨. ડુપ્લીકેટ માર્કશીટ :– રૂા. ૫૦/–ના સ્ટેમ્પ ઉપર નોટરી કે સમકક્ષ અધિકારી ધ્વારા કરાવેલ એફીડેવીટની સ્કેન કોપી
ઓરીઝનલ માર્કશીટની નકલ અથવા ઓ.આર.ની સ્કેન કોપી

૩. માર્કશીટ વેરીફિકેશન :– તમામ પાસ–નાપાસ માર્કશીટની સ્કેન કોપી
જો સંસ્થા ધ્વારા વેરીફિકશન કરાવવામાં આવતું હોય તો તે સંસ્થાના પત્રની સ્કેન કોપી

૪. ડીગ્રી સર્ટીફિકેટ વેરીફિકેશન :– ડીગ્રી સર્ટીફિકેટની સ્કેન કોપી
જો સંસ્થા ધ્વારા વેરીફિકશન કરાવવામાં આવતું હોય તો તે સંસ્થાના પત્રની સ્કેન કોપી

૫. ટ્રાન્સક્રિપ્ટ :– તમામ પાસ–નાપાસ માર્કશીટની સ્કેન કોપી
વિદેશી સંસ્થામાં ટ્રાન્સક્રિપ્ટ મોકલવાની હોય તો તે સંસ્થાના પત્રની સ્કેન કોપી

આમ ઉપર જણાવેલ તમામ ડોકયુમેન્ટની સ્પષ્ટ દેખાય તેવી સ્કેન કોપી સાથે રાખી ફોર્મ ભરી શકાશે. અપલોડ કરેલ સ્કેન કોપી સ્પષ્ટ રીતે વાંચી કે દેખી શકાય તેવી નહી હોય તો કામગીરી આગળ થઈ શકશે નહી. જે ખાસ ધ્યાને લેવું.

વધુમાં હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ પોતાના વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવામાં સાથ સહકાર આપે અને મદદ કરે.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ

(મિતુલ એમ. દેલીયા)
પરીક્ષા નિયામક

નકલ રવાના :–

૧. કુલપતિશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૨. કુલસચિવશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૩. નાયબ કુલસચિવશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૫. એન.એસ.એસ. અધિકારીશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૬. નાયબ ઈજનેરશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૭. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૮. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૯. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ. વડાલી (હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ)
૧૦. યુનિવર્સિટી કાર્યાલયની પ્રત્યેક શાખાઓ / પ્રશાખાઓ
૧૧. ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી ગ્રંથાલય, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૧૨. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (વેબસાઈટ ઉપર મૂકવા સારૂ)